# સુરતના માનવ-અમદાવાદના માનુષ ટેબલ ટેનિસમાં વર્લ્ડ રેન્કિંગ નં.2

**ITTF** મેન્સ ડબલ્સ રેન્કિંગમાં વિશ્વ નંબર 2 પર પહોંચી ગયા છે, જે આ ઇવેન્ટમાં ભારતનું અત્યાર સુધીનું શ્રેષ્ઠ રેન્કિંગ છે

**માનુષ** શાહ અને માનવ ઠક્કરની જોડી કેટલાક સમયથી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં સતત શાનદાર પ્રદર્શન કરી રહી છે



સુરતઃ ભારતીય ટેબલ ટેનિસની જોડી માનવ ઠક્કર અને માનુષ શાહે આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ ફેડરેશન (ITTF)ની તાજેતરની મેન્સ ડબલ્સ વિશ્વ રેન્કિંગમાં વિશ્વ ક્રમાંક-2નું સ્થાન હાંસલ કર્યું છે. આ સાથે ભારતે ટેબલ ટેનિસના મેન્સ ડબલ્સ વિભાગમાં અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ વિશ્વ રેન્કિંગ નોંધાવ્યું છે.

માનુષ શાહ અને માનવ ઠક્કરની જોડી છેલ્લા કેટલાક સમયથી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં સતત શાનદાર પ્રદર્શન કરી રહી છે. તેમની આ સિદ્ધિ ભારતીય ટેબલ ટેનિસ માટે એક નવા યુગની શરૂઆત સમાન માનવામાં આવી રહી છે. વિશ્વની ટોચની ટીમો સામે સતત સફળતા મેળવતા બંને ખેલાડીઓએ ભારતનું નામ વૈશ્વિક મંચ પર વધુ ઊંચું કર્યું છે. સુરતના માનવ વિકાસ ઠક્કર અને અમદાવાદના માનુષ શાહે ITTF મેન્સ ડબલ્સ રેન્કિંગમાં વિશ્વ નંબર 2 પર પહોંચી ગયા છે, જે આ ઇવેન્ટમાં ભારતનું અત્યાર સુધીનું શ્રેષ્ઠ રેન્કિંગ છે.

# GSTAT અપીલ માટે 'ટોકન સુવિધા' શરૂ: 31 જુલાઈ છેલ્લી તારીખ રહેશે

**ટેકનિકલ** ખામીઓ સામે કરદાતાઓને કાનૂની સુરક્ષા કવચ

**ટોકન** જનરેટ કરનારને મળશે 60 દિવસનો વધારાનો સમય

સુરતઃ જીએસટી કરદાતાઓ અને ટેક્સ પ્રોફેશનલ્સ માટે એક ખૂબ જ રાહતના સમાચાર આવ્યા છે. જીએસટી એપેલેટ ટ્રિબ્યુનલ (GSTAT) દ્વારા કરદાતાઓના હિતમાં એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ઘણીવાર જીએસટી પોર્ટલ પર છેલ્લી ઘડીએ આવતી તકનીકી ખામીઓ કે અન્ય સર્વર સમસ્યાઓને કારણે કરદાતાઓ સમયસર પોતાની અપીલ ફાઈલ કરી શકતા નથી. આવી પરિસ્થિતિમાં કરદાતાઓનો કાનૂની અધિકાર ન છીનવાય તે માટે પોર્ટલ પર ખાસ 'ટોકન જનરેશન ફેસિલિટી' શરૂ કરવામાં આવી છે. સીએ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ નવી વ્યવસ્થાથી કરદાતાઓને મોટી કાનૂની રાહત મળશે અને ટેકનિકલ ગ્લિચના કારણે થતું નુકસાન અટકાવી શકાશે. કરદાતાઓએ એ ખાસ ધ્યાનમાં રાખવું પડશે કે જો તેમની એક કરતાં વધુ અપીલ બાકી હોય, તો દરેક અપીલ માટે અલગ-અલગ ટોકન જનરેટ કરવું કાયદાકીય રીતે ફરજિયાત છે. એક જ ટોકન બધી અપીલ માટે માન્ય નહીં ગણાય. પોર્ટલની ખામીઓના કારણે જે કરદાતાઓ સમયસર ફાઈલિંગ નથી કરી શક્યા, તેમને વેરિફિકેશન પ્રક્રિયાને આધીન રહીને લેટ ફી અથવા પેનલ્ટીમાંથી મુક્તિ આપવામાં આવી શકે છે.

## ટોકન મેળવ્યા બાદ કરદાતાને 60 દિવસ મળશે

જે કરદાતાઓ 31 જુલાઈ 2026 સુધીમાં પોતાની સંપૂર્ણ અપીલ ફાઇલ નથી કરી શકતા, તેમણે આ તારીખ કે તે પહેલાં અપીલની પ્રાથમિક વિગતો સબમિટ કરીને ટોકન જનરેટ કરી લેવાનું રહેશે. જો કરદાતા 31 જુલાઇ સુધીમાં સફળતાપૂર્વક ટોકન જનરેટ કરી લે છે, તો ડિપાર્ટમેન્ટ દ્વારા તેને નિયત સમયમર્યાદામાં જ અપીલ દાખલ કરી હોવાનું માન્ય રાખવામાં આવશે. ટોકન જનરેટ થઈ ગયા પછી કરદાતાને મોટી રાહત મળશે, કારણ કે ત્યાર બાદ તેઓ આગામી 60 દિવસની અંદર પોતાની સંપૂર્ણ અને ફાઇનલ અપીલ પોર્ટલ પર ફાઇલ કરી શકશે.

## અધૂરી વિગતો હશે તો ટોકન રદ

ટોકન જનરેટ કરતી વખતે ફોર્મ ભરવામાં આવેલી વિગતો અધૂરી કે ખોટી માલૂમ પડશે, તો તે ટોકનને રદ ગણવામાં આવી શકે છે અને કરદાતા મુદતનો લાભ ગુમાવી શકે છે. જો કોઈ અનિવાર્ય કારણોસર 31 જુલાઈ 2026 સુધીમાં કરદાતા અપીલની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ ન કરી શકે તો પણ ટોકન જનરેટ કરવાનું બિલકુલ ભૂલવું નહીં. આ એક નાનું ટોકન આગામી બે મહિના સુધી કરદાતાની અપીલ દાખલ કરવાના કાનૂની અધિકારને સંપૂર્ણપણે સુરક્ષિત રાખશે.

# પૂરની સ્થિતિમાં પતિ એક્સ્ટ્રા પેટ્રોલ લાવ્યો, પત્નીએ તેનાથી જ અગ્નિસ્નાન કરી લીધું!

**મોતને** ભેટનાર ડિંડોલીની સંગીતાના ચાર માસ પહેલા જ અંકુશ પાટીલ સાથે લગ્ન થયા હતાં

સુરતઃ પૂરની સ્થિતિમાં જરૂર પડે તો કામ લાગે તેમ સમજીને પતિએ એક્સ્ટ્રા પેટ્રોલ લાવીને ડબ્બામાં મુક્યું હતું, પરંતુ પત્નીએ તે જ પેટ્રોલનો ઉપયોગ કરીને પોતાની પર રેડી આપઘાત કરી લીધો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્ર જલગાંવ જિલ્લાના બોરસ ગામના વતની અંકુશ પીતાંબર પાટીલ હાલમાં ડીંડોલી વિસ્તારમાં આવેલા રામીપાર્ક પાસેની સાંઈદર્શન સોસાયટીના વિભાગ-2માં માતા સાથે રહે છે અને ડ્રાઈવિંગ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. અંકુશે ચાર મહિના પહેલા 20 વર્ષીય સંગીતા સાથે લગ્ન કર્યા હતા. રવિવારે બપોરે અંકુશ તેની માતા સાથે અથાણા બનાવવાનો સામાન લેવા બજારમાં ગયા હતા. દરમિયાન સંગીતાએ ઘરમાં ખુદ પર પેટ્રોલ નાખીને અગ્નિસ્નાન કરી લીધો હતો. બજારમાંથી પતિ અને સાસુ પરત આવ્યા ત્યારે ઘટનાની જાણ થઈ હતી. હાલમાં ચારેક દિવસ પહેલા શહેરમાં આવેલા પૂરમાં પતિ અંકુશની ગાડીમાં પેટ્રોલ ખતમ થઈ ગયું હતું. જેથી તે એક બોટલમાં એક્સ્ટ્રા પેટ્રોલ લઈને ઘરે મૂકી રાખ્યું હતું. જોકે લગ્નના ચાર જ મહિનામાં સંગીતાએ આપઘાત કરી લેતા પરિવારમાં શોકનો માહોલ સર્જાયો હતો. સંગીતાએ કયા કારણોસર આપઘાતનું પગલું ભર્યું છે. તે જાણવા માટે ડિંડોલી પોલીસના સબ ઈન્સ્પેક્ટર ડી.એલ ઓડેદરાએ વધુ તપાસ હાથ ધરી છે.

# નોકરીઅપાવવાના બહાને સોસાયટીના પ્રમુખે યુવતીની છાતી પર હાથ ફેરવ્યો

**ઘરમાં** બે દીકરી હોવા છતાં 52 વર્ષીય રત્નકલાકારે યુવતીની છેડતી કરતાં પોલીસે ધરપકડ કરી

સુરત : નોકરી અપાવવાના બહાને યુવતીની છેડતી કરનાર સોસા.ના પ્રમુખ સામે પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી હતી.

પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ, મૂળ ભરૂચ જિલ્લાની ૨૧ વર્ષીય યુવતી હાલમાં જ અઠવાડિયા પહેલાં સુરતમાં રહેતા તેના માસીના ઘરે નોકરીની શોધમાં આવી હતી. માસીએ પોતાની ભત્રીજીને સારી નોકરી મળી રહે તે માટે તેમના જ એપાર્ટમેન્ટની બાજુમાં રહેતા અને સોસાયટીના પ્રમુખ તરીકે હોદ્દો ધરાવતા રત્નકલાકાર નિલેશ વલ્લભભાઈ બારીયા (ઉં.વ. ૫૨, રહે. બી/૪૦૭, ગંગાસાગર એપાર્ટમેન્ટ, કૈલાશધામ સોસાયટી પાસે, કુબેરનગર, વરાછા, મૂળ વતન-ગીંગણી, જામજોધપુર, જામનગર) ને વાત કરી હતી. પ્રમુખ અને રત્નકલાકાર જેવા જવાબદાર હોદ્દા પર હોવાથી પરિવારે તેના પર ભરોસો મૂક્યો હતો, જે ભારે પડ્યો હતો. ગઈકાલ તારીખ ૧૨મી જુલાઈના રોજ બપોરે અઢી વાગ્યાના સુમારે આરોપી નિલેશ બારીયા યુવતીને નોકરી અપાવવાનું બહાનું બતાવી પોતાની મોપેડ (એક્ટિવા) પર બેસાડીને પુણા વિસ્તારમાં આવેલા વોટર પાર્ક પાસે લઈ ગયો હતો. ત્યાં તેણે યુવતીને મોપેડ શીખવાડવાની લાલચ આપી હતી. નિલેશે યુવતીને એક્ટિવા પર આગળ બેસાડી પોતે પાછળ બેસી ગયો હતો. દરમિયાન બપોરના અરસામાં એકાંતનો લાભ લઈ, વિકૃત નિલેશે અચાનક પોતાના બંને હાથ હેન્ડલ પરથી હટાવી યુવતીને છાતીના ભાગે અડપલાં શરૂ કર્યા હતા. આધેડે યુવતીની છાતી દબાવીને અશ્લીલ ચેષ્ટાઓ કરી જાતીય સતામણી ગુજારતા યુવતી હેબતાઈ ગઈ હતી અને તેનો પ્રતિકાર કર્યો હતો.

પોતાની સાથે થયેલી આ શરમજનક ઘટના અંગે યુવતીએ તુરંત જ માસીના ઘરે પહોંચી આપવીતી વર્ણવી હતી. ત્યારબાદ પીડિતાએ પુણા પોલીસ મથકમાં નરાધમ નિલેશ બારીયા વિરૂદ્ધ ગુનો નોંધી ગણતરીના કલાકોમાં આરોપી નિલેશ બારીયાની ધરપકડ કરી લીધી છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી નિલેશ બારીયા ૫૨ વર્ષનો છે અને તેને બે દીકરીઓ તથા એક દીકરો છે. ઘરમાં દીકરીઓ હોવા છતાં, યુવતી સાથે આવી શરમાવનારી હરકત કરનાર સોસાયટીના પ્રમુખ સામે વિસ્તારમાં ભારે ફિટકારની લાગણી વર્ષી રહી છે.

# સુરત સહિત રાજ્યભરમાં તરખાટ મચાવનારો રીઢો ચેઈન સ્નેચરને પકડાયો

સુરત : રાજ્યના જુદા-જુદા જિલ્લાઓમાં તરખાટ મચાવી પોલીસને દોડતી કરનાર એક રીઢા અને અતિ ખતરનાક ચેઈન સ્નેચરને લસકાણા પોલીસે દબોચી લીધો છે. ચોંકાવનારી વિગત એ છે કે આ આરોપી અગાઉ એક નિર્મમ હત્યા (મર્ડર) ના ગુનામાં જેલના સળિયા પાછળ ધકેલાયો હતો, પરંતુ કોર્ટમાંથી જામીન પર મુક્ત થતાં જ તેણે સુધરવાના બદલે ફરીથી ક્રાઈમની દુનિયામાં કદમ મૂકી દીધા હતા અને રસ્તા પરથી પસાર થતી માસૂમ મહિલાઓને સોફ્ટ ટાર્ગેટ બનાવવાનું શરૂ કર્યું હતું. આ આરોપીની ધરપકડ થતાં જ સુરત અને સૌરાષ્ટ્ર પંથકના કુલ ૪ જેટલા હાઈપ્રોફાઈલ ચેઈન સ્નેચિંગના ગુનાઓનો ભેદ ઉકેલાઈ ગયો છે. લસકાણા પોલીસે રાજકોટમાંથી વશાંત ઉર્ફે શ્યામ વિજયભાઈ લાલજીભાઈ ધનેશાને કોર્ડન કરીને ઝડપી પાડ્યો હતો.

## ઈવી મોપેડમાં આગ લાગતા ત્રણ બાઈક પણ લપેટમાં આવી ગઇ

સુરત : પુણાગામના સીતારામનગર રો-હાઉસ વિભાગ-3માં મધરાત્રે આશરે 3:30 વાગ્યે પાર્ક કરાયેલી એક ઈવી મોપેડમાંથી અચાનક ધુમાડો નીકળ્યા બાદ આગ ભભૂકી ઊઠી હતી. થોડા જ સમયમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું અને નજીકમાં ઉભેલી ત્રણ અન્ય મોટરસાયકલોને પણ લપેટમાં લઈ લીધી હતી. આગની જ્વાળાઓ અને ધુમાડાને કારણે રહેવાસીઓમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ફાયર કંટ્રોલ રૂમમાં કોલ મળતાં પુણા ફાયર સ્ટેશનના સબ ફાયર ઓફિસર પ્રવિણ ચૌધરીના માર્ગદર્શન હેઠળ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ફાયર જવાનોએ સતત પાણીનો મારો ચલાવી ગણતરીની મિનિટોમાં આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો, જેના કારણે આગ વધુ વાહનો કે મકાનો સુધી ફેલાતી અટકાવી શકાઈ હતી.

# ભીડભાડવાળા માર્કેટમાંથી વાહનોની ચોરી કરતી પિતા-પુત્રની જોડી પકડાઈ

**પલસાણાના** વાહનચોર પિતા-પુત્ર પાસેથી ચોરેલી ૯.૭૦ લાખની મતાનાં ૨૮ વાહન રિકવર

સુરતઃ પુણા પોલીસે પલસાણાના કારેલી ગામ ખાતે રહેતા એક શાતીર તસ્કર અને તેની સાથે ગુનાખોરીના રસ્તે ચઢેલા તેના સગીર પુત્ર (પિતા-પુત્રની જોડી)ને દબોચી લીધા છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સુરત શહેર અને રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી ચોરાયેલા અંદાજે રૂ.૯,૭૦,૦૦૦ની કિંમતના કુલ ૨૮ વાહનનો જંગી જથ્થો રિકવર કરવામાં પોલીસને અભૂતપૂર્વ સફળતા સાંપડી છે. પુણા તરફથી એક સફેદ કલરની હોન્ડા મોપેડ નં.(GJ-05-NS-1157) પર બે ઈસમ શંકાસ્પદ હાલતમાં પસાર થતા જણાયા હતા. પોલીસે તુરંત જ બંનેને અટકાવી વાહનના કાગળો માંગ્યા હતા. વાહનચાલક ગલ્લાતલ્લા કરવા લાગતાં હાજર પોલીસે 'ઈ-ગુજકોપ' આઈડી-પાસવર્ડની મદદથી મોબાઈલમાં 'પોકેટ કોપ' એપ્લિકેશનમાં આ વાહનનો નંબર સર્ચ કર્યો હતો. આ મોપેડ પુણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના મુજબ ચોરી થયેલું હોવાનું ડિટેક્ટ થયું હતું.

## પૂછપરછમાં ૨૮ વાહન ચોરીની કબૂલાત

પુણા પોલીસની પૂછપરછમાં પિતા-પુત્રની આ જોડી ભાંગી પડી હતી અને સુરત શહેર તેમજ સુરત ગ્રામ્ય સહિત રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાંથી આશરે ૨૮ જેટલાં ટુ-વ્હીલર્સ ચોર્યા હોવાની કબૂલાત કરી હતી. પોલીસે આ તમામ ૨૮ વાહન કબજે કર્યાં છે. પકડાયેલા મુખ્ય આરોપીની ઓળખ રાહુલ અજય મોદી (ઉં.વ.૨૭) (ધંધો-મજૂરીકામ) (રહે.,નાસીર રેસિડેન્સી, ગણેશનગર સોસાયટી પાસે, કારેલી, ગંગાધરા, તા.પલસાણા) તરીકે થઈ છે, જે મૂળ મહારાષ્ટ્રના નાલા સોપારા (થાના-સંતોષનગર)નો વતની છે. તેની સાથે કાયદાના સંઘર્ષમાં આવેલા તેના સગીર પુત્રને પણ પોલીસે ડિટેઈન કરી કાર્યવાહી હાથ ધરી છે.

## ભીડભાડવાળી માર્કેટને બનાવતા હતા ટાર્ગેટ

આરોપીઓ સામાન્ય રીતે સુરત શહેરના ભીડભાડવાળા વિસ્તાર એવા 'સરદાર માર્કેટ' ખાતે શાકભાજી ખરીદવાના બહાને આવતા હતા. જેના હેન્ડલ લોક મારેલા ન હોય અથવા જે ગાડીઓના લોક જૂના થઈ જવાને કારણે ખરાબ થઈ ગયા હોય. આવાં વાહનોને ટાર્ગેટ કરી તેઓ પોતાની પાસે રહેલી 'માસ્ટર ચાવી' થી ખોલી નાંખતા હતા.

# સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટને 5000 કિલો RDXથી ઉડાવી દેવાની ધમકી

**બોમ્બ** અને ડોગ સ્ક્વોડના સર્ચમાં કશું ન મળતાં રાહત, સાયબર ક્રાઇમે તપાસ શરૂ કરી

સુરતઃ સુરત ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટને ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં સોમવારે સાંજે પોલીસ તંત્ર દોડતું થઈ ગયું હતું.

મળતી માહિતી મુજબ સોમવારે સાંજે અંદાજે 6.15 વાગ્યે કોર્ટના સત્તાવાર ઈ-મેઈલ પર ધમકીભર્યો સંદેશ આવ્યો હતો. ઈ-મેઈલમાં કોર્ટ બિલ્ડિંગને 5000 કિલોગ્રામ આરડીએક્સ વડે ઉડાવી દેવાની વાત લખવામાં આવી હતી. તે સમયે કોર્ટનો સમય પૂર્ણ થઈ ગયો હોવાથી મોટા ભાગના ન્યાયાધીશો, વકીલો અને અરજદારો પરિસર છોડી ચૂક્યા હતા. માત્ર વહીવટી સ્ટાફ હાજર હોવાથી મોટી જાનહાનિની શક્યતા ટળી હતી. સ્ટાફે તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરતાં ઉમરા પોલીસ સહિતના ઉચ્ચ અધિકારીઓ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમો ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે સમગ્ર કોર્ટ પરિસરને કોર્ડન કરી બિલ્ડિંગના તમામ માળ, ચેમ્બરો, રેકોર્ડ રૂમ, પાર્કિંગ અને અન્ય સ્થળોની સઘન તપાસ હાથ ધરી હતી. લાંબા સર્ચ ઓપરેશન બાદ કોઈ વિસ્ફોટક કે શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી, જેથી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે 6 જાન્યુઆરીએ પણ સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. બીજી વખત આવી ઘટના બનતાં સુરક્ષા એજન્સીઓ વધુ સતર્ક બની છે. હાલ સુરત પોલીસ અને સાયબર ક્રાઈમ સેલે ઈ-મેઈલના આઈપી એડ્રેસ, તેના સ્ત્રોત અને ધમકી આપનાર વ્યક્તિની ઓળખ મેળવવા તપાસ શરૂ કરી છે.

# રોબોટ-જેસીબીએ સફાઈમાં મેદાન મારતાં હવે વધુ 25 રોબોટ ખરીદાશે

**રોબોટ** જેસીબી માટે વિવિધ ઝોન પાસેથી પણ ડિમાન્ડ માંગવામાં આવી

**ટોક** ઓફ ધ ટાઉન બનેલા પોદ્દાર આર્કેડ સહિતનાં કોમ્પ્લેક્સમાં મનપા દ્વારા સફાઈ કરી એસો. પાસે સર્ટિફિકેટ મેળવાયું

સુરતઃ ખાડીપૂર પ્રભાવિત વિસ્તારોમાં સોસાયટીઓ, નાની ગલીઓમાં સાફ-સફાઈ અને કચરાના એકત્રીકરણ માટે નાના જેસીબી (રોબોટ) ઉપયોગી પુરવાર થતાં મનપાએ વધુ 25 રોબોટ ખરીદવાનો નિર્ણય કર્યો છે. દરેક ઝોન પાસેથી આ અંગેની ડિમાન્ડ મંગાવવામાં આવી છે.

સ્લમ એરિયા, સોસાયટીઓ, નાની ગલીઓમાંથી કચરાના એકત્રીકરણ અને સફાઈ માટે રોબોટ ટાઈપના જેસીબી ખૂબ જ ઉપયોગી તંત્ર માટે બની રહ્યાં હતાં. પરિણામે મનપા કમિ.ની સૂચનાથી તમામ ઝોન પાસે નવા રોબોટ જેસીબી માટેની ડિમાન્ડ મગાવવામાં આવી હતી. હાલ ઉપલબ્ધ ૧૨ રોબોટ ઉપરાંત વધુ ૨૫ રોબોટ ખરીદવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે. તદુપરાંત ખાડીપૂર દરમિયાન સમગ્ર દેશમાં ચર્ચાનો વિષય બનેલા વરાછા મેઈન રોડ સ્થિત પોદ્દાર આર્કેડ શોપિંગ કોમ્પ્લેક્સમાં પાણીના સંપૂર્ણ નિરાકરણ અને સાફસફાઈની કામગીરી પૂર્ણ થઈ છે. દુકાનદારો દ્વારા બહાર કાઢવામાં આવેલ બગડેલો માલસામાન તથા અન્ય રાચરચીલાનું સંપૂર્ણ ઉપાડ મનપા તંત્ર દ્વારા કરી દેવામાં આવ્યું છે. પોદ્દાર આર્કેડ એસોસિએશન પાસેથી સંપૂર્ણ કામગીરી પૂર્ણ થઈ હોવાનું સર્ટિફિકેટ પણ મનપા દ્વારા લેવામાં આવ્યું છે.

# પરીક્ષાના ડરથી ધોરણ-7નો વિદ્યાર્થી ટ્યુશનમાંથી ભાગી ગયો

**દહાણુ** રોડથી વરાછા પોલીસે શોધી કાઢ્યો

સુરત : વરાછા વિસ્તારમાંથી ટ્યુશન ક્લાસમાંથી અચાનક ગુમ થયેલા 12 વર્ષીય વિદ્યાર્થીને વરાછા પોલીસે ગણતરીના કલાકોમાં મહારાષ્ટ્રના દહાણુ રોડ રેલવે સ્ટેશન ખાતેથી હેમખેમ શોધી કાઢ્યો છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, વરાછાના લંબે હનુમાન રોડ પર સૌરાષ્ટ્ર કોલોનીમાં રહેતા અમિતકુમાર નરશીભાઈ કાત્રોડીયાનો 12 વર્ષ અને 4 મહિનાનો પુત્ર ધોરણ-7માં અભ્યાસ કરે છે. રવિવારે સવારે ટ્યુશને ગયા બાદ ટ્યુશનમાંથી ફોન આવ્યો કે બાળક બાથરૂમ જવાનું કહી બહાર ગયો હતો, પરંતુ પરત ફર્યો નહોતો.

પરિવારે પોલીસનો સંપર્ક કર્યો હતો. ઘટનાની ગંભીરતા સમજી પોલીસ ઇન્સ્પેક્ટર એ.આર. વાળાના માર્ગદર્શન હેઠળ પોલીસે સાધના સોસાયટીથી લઈને શહેરના વિવિધ વિસ્તારોના 150થી વધુ સીસીટીવી કેમેરા તપાસ્યા હતા. આઠ અલગ-અલગ ટીમો બનાવી સુરત રેલવે સ્ટેશન તથા ટ્રેનના રૂટ પર આવેલા સ્ટેશનોના સીસીટીવી ચેક કરાવ્યા હતા. તેમાં બાળક મુંબઈ તરફ જતી ટ્રેનમાં બેઠો હોવાનું જાણવા મળતાં રેલવે પોલીસ (RPF) સાથે તાત્કાલિક સંકલન સાધવામાં આવ્યું હતું. પરિણામે મહારાષ્ટ્રના દહાણુ રોડ રેલવે સ્ટેશન પરથી બાળકને સહીસલામત મળી આવ્યો હતો. પોલીસના કાઉન્સેલિંગ દરમિયાન બાળકે જણાવ્યું હતું કે તેને અંગ્રેજી અને ગણિત સિવાયના વિષયો સારી રીતે આવડતા નહોતા. આગામી દિવસોમાં પરીક્ષા હોવાથી તે નિષ્ફળ જવાની બીકમાં હતો. તેથી તેણે અંદાજે પંદર દિવસ પહેલાં જ ઘરેથી ભાગી જવાનો પ્લાન બનાવ્યો હતો. અગાઉ એક વખત મુંબઈમાં રહેતા દાદાના ઘરે ટ્રેનમાં જઈ ચૂક્યો હોવાથી આ વખતે પણ તે દાદા પાસે જવા નીકળ્યો હતો.

# આંગણવાડીના બાંધકામના વિરોધ સાથે નાના વરાછામાં લોકોનો હોબાળો

**વારંવાર** રજુઆત છતા તંત્રએ વાત નહીં માનતા આખરે કોન્ટ્રાક્ટરનો ઘેરાવ કરાયો

સુરત : નાના વરાછા વિસ્તારમાં પાલિકા દ્વારા રિઝર્વેશનની જમીન પર હાથ ધરવામાં આવી રહેલા આંગણવાડીના બાંધકામને લઈને સ્થાનિક રહેવાસીઓએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. અગાઉ અનેક વખત રજૂઆતો કરવા છતાં કામગીરી બંધ કરવામાં ન આવતાં સોમવારે સ્નેહ મિલન સોસાયટી, કિરણ સોસાયટી અને સરિતા સાગર સોસાયટીના મોટી સંખ્યામાં રહેવાસીઓ સ્થળ પર એકત્ર થયા હતા. તેમણે સૂત્રોચ્ચાર સાથે બાંધકામ તાત્કાલિક બંધ કરવાની માંગ કરી હતી.

સરિતા સાગર સોસાયટી નજીક પાલિકાની રિઝર્વેશનની જમીન પર આસપાસના વિસ્તારના બાળકોને ધ્યાનમાં રાખીને આંગણવાડીનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે. જોકે, સ્થાનિકોનો આક્ષેપ છે કે આ સ્થળે આંગણવાડીનું બાંધકામ થવાથી રહેણાંક વિસ્તારની સુવિધાઓ અને અવરજવરને અસર થશે. આ અંગે અગાઉ પાલિકાના સંબંધિત વિભાગ સમક્ષ લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવી હોવા છતાં તેમની રજૂઆતને કોઈ મહત્વ આપવામાં આવ્યું ન હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. સ્થાનિક રહેવાસીઓએ સ્થળ પર પહોંચી બાંધકામનો વિરોધ કર્યો હતો. વિરોધ દરમિયાન કોન્ટ્રાક્ટરને કામગીરી બંધ કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી તેમજ સૂત્રોચ્ચાર કરીને પાલિકા સામે રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. એક સમયે વાતાવરણ તંગ બનતાં પાલિકાના અધિકારીઓ અને પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી. અધિકારીઓએ સ્થાનિકો સાથે ચર્ચા કરીને સમગ્ર મામલે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપતા સ્થિતિ સામાન્ય બની હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ICEA દ્વારા કેન્સરથી બચાવ માટેનો જાગૃતિ સેમિનાર યોજાયો



સુરતઃ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિવિલ એન્જિનિયર્સ એન્ડ આર્કિટેક્ટ્સ, સુરત (ICEA ) દ્વારા કેન્સરથી બચાવ માટે વહેલું નિદાન અને સ્વસ્થ આહાર વિષયક જાગૃતિ સેમિનાર યોજાયો હતો. જેમાં જાણીતા સર્જિકલ ઓન્કોલોજિસ્ટ ડો. જયેશ આર. શાહ તથા ડાયેટિશિયન અને ક્લિનિકલ ન્યુટ્રિશનિસ્ટ ડો. બિદિતા શાહ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ડો. જયેશ આર. શાહે જણાવ્યું હતું કે કેન્સરની વહેલી ઓળખ દર્દીના જીવન બચાવવાના ના ૯૮% ચાન્સ હોય છે. ડો. બિદિતા શાહે સ્વસ્થ અને સંતુલિત આહાર, તાજા ફળ-શાકભાજીનું મહત્વ, પ્રોસેસ્ડ ફૂડથી થતી હાનિ તથા દૈનિક જીવનમાં પૌષ્ટિક આહારની ભૂમિકા અંગે સરળ અને વ્યવહારુ માહિતી આપી હતી. સેમિનારમાં ઉપસ્થિત સભ્યો દ્વારા વિવિધ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જેના બંને તબીબો દ્વારા જવાબ આપવામાં આવ્યા હતા.

### કુરુક્ષેત્ર સ્મશાનભૂમિ ટ્રસ્ટને પટેલ પરિવારે 1 લાખનું દાન આપ્યું



સુરતઃ પાલનપોર ગામના સ્વ. દેવજીભાઈ મીઠાભાઈ પટેલની 50મી પુણ્યતિથિ નિમિત્તે તેમના પુત્ર રાકેશભાઈ પટેલે પરિવાર વતી કુરુક્ષેત્ર સ્મશાનભૂમિ ટ્રસ્ટને રૂ. 1 લાખનું દાન અર્પણ કર્યું હતું. ટ્રસ્ટના મંત્રી અજયભાઈ ગાંધી, ઉપપ્રમુખ શંકરભાઈ પટેલ, સહમંત્રી સમીરભાઈ વ્યાસ અને ખજાનચી ઉમેશભાઈ દેસાઈને ચેક અર્પણ કર્યો હતો. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ કમલેશભાઈ સેલરે દાતાનું પુષ્પગુચ્છથી સન્માન કરી આ દાન બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

### SVNITના પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા સંગીત સંધ્યાનું આયોજન કરાયું




સુરતઃ SVNITના પૂર્વ વિદ્યાર્થીઓના સુરત ચેપ્ટર દ્વારા 'આયા સાવન ઝૂમકે' નામથી સંગીત સંધ્યાનું આયોજન કરાયું હતું. જેમાં યાદગાર ગુજરાતીની સાથે હિન્દી ફિલ્મી ગીતો રજૂ કરાયા હતા. કાર્યક્રમમાં કોલેજના પૂર્વ વિદ્યાર્થીઓની સાથે અગ્રણી મહાનુભાવો, વિવિધ ક્ષેત્રોના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. સુરત ચેપ્ટર પ્રમુખ તુષાર મહેતા તથા તેમની સમગ્ર ટીમે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. દરેક ગાયક કલાકારને તેમના મનમોહક પરફોર્મન્સ બાદ સ્મૃતિચિહ્ન રૂપે કુંડામાં રોપાયેલો છોડ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સંચાલન હિમાંશુ પુરાણીએ કર્યું હતું. ઓરકેસ્ટ્રા નિખીલ ગજ્જરનું હતું. વીડિયોગ્રાફી બાબાભાઈ તેમજ ફોટોગ્રાફી વિરેશભાઈ સુજનભાઈ અને મનન દ્વારા કરાઈ હતી.

### પૂર અસરગ્રસ્તોની વહારે સચિનના ઉદ્યોગકારો, અનાજની કિટનું વિતરણ



સુરતઃ પૂર અસરગ્રસ્તોની વહારે સચીનના ઉદ્યોગકારો આવ્યા છે. સચીન જીઆઇડીસીના ઉદ્યોગકારો વતી પૂરગ્રસ્ત વિસ્તારમાં રેશન કીટનું વિતરણ કરવામા આવી રહ્યું છે. ખાડીપુરને કારણે અનેક પરિવારોની જીવનજરૂરી સામાન પણ બચ્યો નથી. આવા પરિવાર માટે સચીનના ઉદ્યોગકારો દ્વારા તાત્કાલિક ધોરણે 500 કીટ તૈયાર કરાવી રવાના કરવામાં આવી છે. આ સેવાભાવી કાર્યમાં સચિન ઇન્ડસ્ટ્રીયલ સોસા.ના ડિરેક્ટર મહેન્દ્ર રામોલિયા સહિતના અગ્રણીઓ જોડાયા હતા.

### વિદેશમાં સંસ્કારોનો છેદ ઉડી ગયો છે: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ અંજુર ફાટા સ્થિત શ્રી શંખેશ્વરધામ શ્વે.મૂ.પૂ. જૈન સંઘના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે સત્સંગીઓ સમક્ષ અમૃતવાણી વહાવતાં કહ્યું હતું કે, આર્ય સંસ્કૃતિના મૂલાધાર તરીકે માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્યદેવો ભવ અને અતિથિદેવો ભવ જેવા વાક્યો બોલતાં આંખો ભીની થાય છે અને હૈયું હળવાશ અનુભવે છે. ભારતીય સંસ્કૃતિમાં જ આ ચાર વાક્યો જોવા મળે છે. વિદેશમાં તો આવા સંસ્કારો છે જ નહીં. ત્યાં સ્નેહ, સદ્ભાવ, લાગણી અને મૈત્રીનો છેદ જ ઊડી ગયો છે. ત્યાં કાકા, કાકી, મામા-મામી, ફોઇ-ફુઆ જેવો કોઇ વ્યવહાર જ નથી. અંકલ અને આન્ટી સિવાય ત્યાં કોઇ શબ્દો જ નથી. મમ્મી-પપ્પા, માતાજી અને પિતાજી જેવા સંબંધો કે સંબોધનો ભારતીય સંસ્કૃતિમાં જ જોવા મળે. વિદેશોમાં તો હેલ્લો, હાય, વાય કે બાય સિવાય કશું જ નથી. કોઇ સામે મળે તો બે મિનીટ મળવાનાં સંબંધો પણ ત્યાં નથી. 'વીક એન્ડ' માં આપણે મળશું. કહીને ભાગંભાગ હોય છે. વિદેશમાં પૈસા છે પણ પ્રેમ નથી.

### નવાપુરા અર્બન સોસાયટીના વર્ષ 2026-27 માટેના નવા હોદેદારોની વરણી



સુરતઃ કોટસફિલ મેઈન રોડ ખાતે આવેલી પ્રતિષ્ઠિત નવાપુરા અર્બન કો.ઓ.ક્રેડીટ એન્ડ કન્ઝ્યુમર્સ સોસાયટી લી.ના વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટેના હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે ધારાસભ્ય અરવિંદ શાંતિલાલ રાણા, ઉપપ્રમુખ તરીકે કંચનલાલ ઈશ્વરલાલ જરીવાળા અને મંત્રી તરીકે શશીકાંત પ્રાણજીવનદાસ દાળીયાનો સમાવેશ કરાયો છે. ધારાસભ્ય અરવિંદ રાણા પ્રમુખ તરીકે સતત 16મી વખત ચૂંટાયા છે. કંચનલાલ જરીવાળા વર્ષોથી સોસા.ના કારોબારી સભ્ય છે અને રાણા સમાજની વિવિધ સંસ્થા સાથે સંકળાયેલા છે. જ્યારે મંત્રી શશીકાંત દાળીયા ૩૮મી વખત સોસાયટીમાં સેક્રેટરી તરીકે સેવા આપી રહ્યા છે. બે વર્ષ સોસા.ના પ્રમુખ પણ રહ્યા હતા. સુરત મનપામાં કોર્પોરેટર પણ રહી ચૂક્યા છે.